# ખેડબ્રહ્માના યુવાનની હત્યાના વિરોધમાં બજારો સજ્જડ બંધ

## ડીવાયએસપી સમક્ષ સમગ્ર ઘટનામાં પી.એસ.આઈ.ની તટસ્થતા અંગે શંકાના સવાલો ઉઠયા : ડીવાયએસપીએ તટસ્થ તપાસ કરી ન્યાયની ખાત્રી આપી હતી


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)







ખેડબ્રહ્મા, તા.૨

ખેડબ્રહ્મામાં યુવાનના અપહરણ પછી થયેલ હત્યાના વિરોધમાં વેપારી મહામંડળે આપેલ બજાર બંધના એલાનને વેપારીઓએ મુક સંમતિ આપી બજાર જડબેસલાક બંધ રાખ્યા હતા. રાજસ્થાની પ્રજાપતિ સમાજની સંવેદનાઓ સાંભળવા આવેલા ઈડર ડીવાયએસપી સમક્ષ યુવતી ભગાડી જવાની ફરિયાદમાં વિલંબ તથા અપહૃત યુવાનની શોધમાં પી.એસ.આઈ.ની તટસ્થતા અંગે શંકાના સવાલો ઉઠાવ્યા હતા અને પી.એસ.આઈ.ની કાર્યવાહી સંદર્ભે સમગ્ર સમાજે માછલા ધોયા હતા. ડીવાયએસપી એ તટસ્થ તપાસ કરી સાચા આરોપીઓને પકડવાની ખાત્રી આપી હતી.

ખેડબ્રહ્માના પ્રજાપતિ બકસારામ સગરામભાઈનું રવિવારે થયેલ અપહરણ અને બાદમાં અપહૃતની મળેલ મૃતદેહના વિરોધમાં ખેડબ્રહ્મા વેપારી મંડળના બજાર બંધના એલાન પછી મંગળવારના રોજ ખેડબ્રહ્માના બજાર સદંતર બંધ રહ્યા હતા અને સમગ્ર શહેર બંધને જબ્બર સમર્થન આપ્યું હતું. બકસારામની હત્યા પછી ઈડરના ડીવાયએસપી એ.ડી. ચૌધરીએ સમાજની સંવેદનાઓ સાંભળી હતી જેમાં પ્રજાપતિ સમાજે પી.એસ.આઈ. વીરલ પટેલની કાર્યવાહી સામે શંકાના સવાલો ઉઠાવી આક્રોશ ઠાલવ્યો હતો તમામ ઘટનાની સીલસીલાબંધ હકીકત બયાન કરી હતી. આ ઘટનાના પગલે રાજસ્થાની પ્રજાપતિ સમાજના અગ્રણીઓ ગુદડજી પ્રજાપતિ તારાચંદ સહિત અન્ય અગ્રણીઓએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે નિર્દોષ લોકોને આરોપી બતાવવામાં આવ્યા છે. સ્ત્રીઓ ઉપર લાઠીચાર્જ કર્યો પછી ટોળામાં ભળી ગયેલ કેટલાક અસામાજીક તત્વોએ પથ્થરમારો કર્યો હતો.

પ્રકાશકુમારની પત્ની ભાવનાબેનને ભગાડી જવાની ફરિયાદ નોંધવામાં વિલંબ કરવામાં આવ્યો હતો બકસારામના અપહરણ પછી તેની શોધ કરવામાં પી.એસ.આઈ. તટસ્થતા જાળવી શકયા નથી અને કામગીરીની ઢીલી નિતિ અંગેનો આક્ષેપ કર્યો હતો. આ ઘટના અંગે તટસ્થ તપાસ કરવા સાચા આરોપીઓને પકડવા તથા પી.એસ.આઈ. વીરલ પટેલની તાત્કાલિક બદલી કરવાની ભારપૂર્વક રજૂઆત થઈ હતી.

ખેડબ્રહ્મામાં બનેલ આ ઘટના અંગે ડીવાયએસપી એ.ડી. ચૌધરીએ જણાવ્યું હતું કે બકસારામ સાથે જે ઘટના બની છે તેની અમોને અનુકંપા છે.

આ ઘટનાની તટસ્થ કપાસ કરવા સાચા આરોપીઓને પકડવા તથા ખેડબ્રહ્માથી પીએસઆઈ વીરલ પટેલની બદલી કરવાની ખાત્રી આપી હતી. આ ઘટનાની રજૂઆત પ્રસંગે જિલ્લા ભાજપના ઉપપ્રમુખ જશુભાઈ પટેલ, ગુલાબસિંહ વાઘેલા વેપારી મંડળના પ્રમુખ નારાયણદાસ બારોટ, કોંગ્રેસના પ્રવિણસિંહ સોલકી, અમીત શર્મા સહિત મોટી સંખ્યામાં પ્રજાપતિ સમાજ ઉપસ્થિત રહ્યો હતો.

# તલોદ તાલુકા પંચાયત કચેરીએ નિવૃત્ત તલાટીઓનો વિદાય સમારંભ યોજાયો

તલોદ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં તલાટી તરીકે ફરજ બજાવતા ચાર તલાટીઓ બાબુબાઈ એસ. પટેલ, કાંતિભાઈ કે. પટેલ, દિનેશભાઈ પી. પટેલ તેમજ વસંતકુમાર એ. ભાવસાર જેઓ તાજેતરમાં વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેઓનો નિવૃત્તિ સન્માન સમારંભ પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને તેમજ સાબરકાંઠા જિલ્લા તલાટી મહામંડળના પ્રમુખ પ્રવિણસિંહ વિહોલા, તેમજ તલોદ તાલુકા તલાટી મંડળના પ્રમુખ ગેમરભાઈ પટેલ વિગેરેની ઉપસ્થિતિ વચ્ચે દબદબાભેર ઉજવાઈ ગયો.

વિશેષમાં તલોદ તાલુકા પંચાયત ખાતે તાલુકા વિકાસ અધિકારી તરીકે નવીન નિમણૂંક પામેલ એન.જી. પ્રજાપતિ જેઓનું આ પ્રસંગે સાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું. નિવૃત્ત થતા તલાટીઓની ફરજ દરમ્યાની પુરી નિષ્ઠા અને વફાદારીપૂર્વક બજાવેલ ફરજની સરાહના કરી તેઓનું શાલ તેમજ સ્મૃતિચિહ્ન અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

અધ્યક્ષ સ્થાનેથી મંત્રીશ્રીએ ખાસ ઉદ્‌બોધનમાં જણાવ્યું કે તલાટીએ સરકાર અને ગામને જોડવાના એક મહત્વના સેતુ તરીકેની કામગીરી તલાટી બજાવે છે. તેઓએ પ્રવર્તમાન સરકારની કામગીરીમાં સહભાગી થવા અને કામગીરીનું ઉંચુ લક્ષ રાખવા અનુરોધ કર્યો હતો.

વિશેષમાં સાબરકાંઠા જિલ્લા તલાટી મહામંડળની કારોબારી સભાનું પણ આ પ્રસંગે સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા મંડળના પ્રમુખ પ્રવિણસિંહ વિહોલની અધ્યક્ષસ્થામાં કારોબારી સભામાં વિવિધ જિલ્લાની તોર તાલુકાના તલાટી મંડળના પ્રમુખો તેમજ કારોબારી સભ્યો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. જેઓનું તલોદ તાલુકા તલાટી મંડળ દ્વારા પૂષ્પગુચ્છ અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. હિંમતનગર તાલુકા તલાટી મંડળના પ્રમુખ નીતિનભાઈ પંડ્યા પણ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે પ્રવિણભાઈ મકવાણા, બકાભાઈ પટેલ, ગોપાળભાઈ પટેલ, મહેશભાઈ પંડ્યા સહિત તાલુકા, જિલ્લાના તલાટીઓ વિગેરેએ નિવૃત્ત થતા તલાટીઓનું સન્માન કર્યુ હતું.

કાર્યક્રમનું સંચાલન ગોપાળભાઈ પટેલ અને આભારવિધિ ગેમરભાઈ પટેલે જિલ્લામાંથી આવેલા કર્મચારીઓનો અને મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ બંસીધર મહેતા પણ હાજર રહ્યા હતા, તેમણે નિવૃત્ત થતા તલાટીઓને શુભકામનાઓ પાઠવી હતી.

# ભિલોડા બી.એડ્.કોલેજમાં ૧૧મો પ્રવેશોત્સવ યોજાયો

ભિલોડા, તા.૨

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ બી.એડ્.કોલેજમાં શૈક્ષણિક સત્ર વર્ષ-૨૦૧૩/૧૪ નો ૧૧મો વાર્ષિક પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો. સંસ્થાના મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના આચાર્ય ટી.કે.પરમાર ઉપસ્થિત રહીને સર્વે તાલિમાર્થીઓને શુભેચ્છા સહ શિક્ષણના વ્યવસાયનું મહત્વ સમજાવ્યું હતું. સંસ્થાના આચાર્ય અમિતકુમાર ભટ્ટ ધ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સંસ્થાકીય તેમજ અભ્યાસક્રમ સંબધિત માહિતી આપી કાર્યક્રમને વેગ અપાવેલ. આયોજન સંસ્થાના અધ્યાપીકા સ્મીતાબેન પટેલ ધ્વારા કરવામાં આવ્યું હતું.

# તલોદ એસ.ટી. પોઈન્ટના વોચમેન વિહાભાઈ દેસાઈનો નિવૃત્તિ સમારંભ યોજાયો

તલોદ, તા. ૧

તલોદ એસ.ટી. પોઈન્ટ ખાતે વોચમેન તરીકે ફરજ બજાવી વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા વિહાભાઈ જે દેસાઈ (દાદરડા)ને નિવૃત્તિ સન્માન સમારોહ તલોદ તાલુકા પંચાયતના પ્રમુખ બંસીધર મહેતા, તેમજ પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહજી ચૌહાણ, નગરપાલિકાના પ્રમુખ પ્રવિણભાઈ પટેલ વિગેરેની ઉપસ્થિતિ વચ્ચે તાલુકા પંચાયત તલોદના સભાખંડ ખાતે યોજાઈ હતી.

આ પ્રસંગે પ્રાંતિજ ડેપોમાં દિર્ગકાલીન સેવાઓ બજાવીને તેમજ છેલ્લે તલોદ એસ.ટી. પોઈન્ટના વોચમેન તરીકે નિષ્ઠા અને પ્રમાણીક અને વફાદારીથી ફરજ બજાવનાર વિહાભાઈ દેસાઈનું આ પ્રસંગે શાલ તેમજ સ્મૃતિ ચિન્હો મહાનુભાવોના વરદ હસ્તે અર્પણ કરીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બી.એમ.એસ. હિંમતનગર વિભાગના પ્રમુખ કાલીદાસ સોની, તાલુકા ભા.જ.પ.ના પ્રમુખ કાલીદાસ સોની, તાલુકા ભા.જ.પ.ના પ્રમુખ મનહરભાઈ દેસાઈ (ધનસુરા), ખોડાભાઈ દેસાઈ, તાલુકા પંચાયત સદસ્ય જયરામભાઈ દેસાઈ, પી.એસ. આઈ. એ.વી. ટોળિયા, ખોડાભાઈ દેસાઈ તલોદ નગર પંચાયત સદસ્ય વિગેરે મહાનુભાવો હાજર રહી વિભાભાઈ દેસાઈની સેવાઓને બિરદાવી દિર્ઘાયુ જીવનની શુભકામનાઓ પાઠવી હતી. સમસ્ત પ્રાતિજ ડેપો, ભારતીય મજદૂર સંઘના હોદ્દેદારો અને પ્રતિનિધિઓ તથા કામદાર મિત્રો તેમજ એસ.ટી.નો સ્ટાફ વિગેરે બહુ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસકાંઠા જિલ્લા પંચાયતની બેઠકમાં કમિટીઓની રચનાની અવઢવમાં ભાજપ

## પૂર્વ સાંસદ હરિસિંહ ચાવડાના નિધનનું કારણ દર્શાવી સભા મોકુફ

પાલનપુર, તા. ૧

બનાસકાંઠા જિલ્લામાં હાલ સત્તા સ્થાને ભાજપ છે. ચૂંટણી પરિણામોમાં કોંગ્રેસને બહુમતી મળેલ પરંતુ ભાજપે ચક્રવ્યુહ રચી કોંગ્રેસના રાજેન્દ્ર જોષીને પ્રમુખ બનાવી અમુક સભ્યોને ખેંચી સત્તા હાંસલ કરી છે.

ત્યારે આજે નવા બોર્ડની મળેલ પ્રથમ બેઠકમાં ભાજપના બે સભ્યો ગેરહાજર રહ્યા હતા, જ્યારે કોંગ્રેસના પુરતા સભ્યો હાજર રહ્યા હતા અને જુદી જુદી નવ કમિટીઓની રચના કરવાનો પણ મુખ્ય એજન્ડા હતો.

પ્રમુખ રાજેન્દ્ર જોષીના અધ્યક્ષ સ્થાને ડી.ડી.ઓ. મહેન્દ્ર પટેલની હાજરીમાં સભાખંડ ખાતે સાધારણ સભાનો પ્રારંભ થયો હતો અને પ્રમુખ રાજેન્દ્ર જોષીએ સભાના પ્રારંભે જ મંચ પરથી જણાવ્યું હતું કે, આજે બનાસકાંઠાના પૂર્વ સાંસદ હરિસિંહ ચાવડાનું નિધન થવાથી આ સભા મોકુફ રાખવામાં આવે છે. તેમ કહી સભા પૂર્ણ થયાની જાહેરાત કરતા કોંગ્રેસની છાવણીમાં સોપો પડી ગયો હતો. પ્રમુખ ડી.ડી.ઓ. અધિકારીઓ સભાખંડમાંથી બહાર નીકળી ગયા હતા. જ્યારે કોંગ્રેસના સભ્યો આજે ભાજપના સભ્યો કરતા વધુ સંખ્યામાં હાજર હોવાથી સભ્ય લક્ષ્મીબેને અધ્યક્ષસ્થાન સંભાળી જે કમિટીઓની રચના કરવાની માહિતી આપી તમામ નવ કમિટિઓની રચના કરી હતી. જેમાં સૌ પ્રથમ કારોબારી, સામાજીક ન્યાય, બાંધકામ, આરોગ્ય ૨૦ મુદ્દા અમલીકરણ, સહકાર સિંચાઈ મહિલા અને બાલ વિકાસ અને અપિલ એમ કુલ નવ કમિટિ રચાઈ હતી. જ્યારે આ સમગ્ર ઘટનાક્રમ અંગે કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યું હતું કે આ રીતે નિધનનું બહાનુ કાઢી સભા મોકુફ ન રાખી શકાય. કોઈ મોટી માથાકુટ પોલીસ બળપ્રયોગ કે તોડફોડ મારામારી સભાખંડમાં થાય તો જ સભા મોકુફ કરવામાં આવે છે. પરંતુ આજે ભાજપના બે સભ્યો ગેરહાજર હોવાથી અને વળી કોંગ્રેસના જે ત્રણ બળવાખોર સભ્યોને આ કમિટીઓની રચનામાં બંધ કવરમાં મત આપવો પડે. વળી એનાથી ઉલટુ આજે મળેલ પ્રથમ સભામાં ભાજપ કરતા કોંગ્રેસની સભ્ય સંખ્યા ભાજપ કરતા વધારે હતી. આમ ભાજપ માટે પ્રથમ ગ્રાસેજ મક્ષિકા જેવો ઘાટ ઘડાયો હતો. હવે રાજકીય વર્તુળોમાં જિલ્લા પંચાયતમાં સત્તા સ્થાને ભાજપ કે કોંગ્રેસ તેની ચર્ચાઓએ જોર પકડ્યુ છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૪૩૧ | ૮૮૬ |
| એરંડા | ૬૮૦ | ૬૯૨ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| બાજરી | ૨૧૮ | ૨૯૨ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૯૩ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૬૨૫ | ૮૪૨ |
| ઘઉં | ૩૨૦ | ૩૬૦ |
| બાજરી | ૨૨૫ | ૨૬૫ |
| ડાંગર જ્યા | ૨૮૦ | ૩૨૦ |
| ડાંગર ગુજ | ૩૨૦ | ૩૫૦ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૦ |
| ડાંગર ગુજ | ૩૨૦ | ૩૫૦ |
| ડાંગર જ્યા | ૨૮૦ | ૩૪૧ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૫ | ૬૮૨ |
| મકાઈ | ૨૪૦ | ૨૯૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૬૦ |
| બાજરી | ૨૨૫ | ૨૬૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૪૨૫ |

### મોડાસા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૦ |
| બાજરી | ૨૨૦ | ૨૮૫ |
| મકાઈ | ૨૭૦ | ૩૨૪ |
| ઘઉં | ૩૦૫ | ૩૬૦ |
| મગફળી | ૫૦૦ | ૮૫૦ |
| ગવાર | ૯૨૫ | ૧૩૮૫ |
| ચણા | ૬૦૦ | ૬૨૨ |
| જુવાર | ૩૭૦ | ૩૮૨ |
| મગ | ૬૦૦ | ૮૨૫ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૫ | ૬૬૫ |
| બાજરી | ૨૪૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૩૧ |
| મગ | ૭૦૦ | ૯૦૦ |
| જુવાર | ૩૫૦ | ૪૩૧ |
| મગફળી | ૫૦૦ | ૮૧૧ |
| ગવાર | ૯૫૦ | ૧૩૯૦ |
| ચણા | ૫૫૦ | ૫૯૦ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૭ | ૨૯૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૦ |
| ડાંગર | ૨૮૦ | ૩૦૦ |
| એરંડા | ૬૮૦ | ૬૮૧ |
| ગવાર | ૧૦૨૨ | ૧૩૬૧ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૫ | ૬૬૦ |
| જુવાર | ૩૫૦ | ૩૮૪ |
| રાયડો | ૫૩૫ | ૬૦૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૫ | ૨૮૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૫ |
| ડાંગર | ૨૭૫ | ૨૮૦ |
| એરંડા | ૬૭૫ | ૬૮૦ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૫૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૯૦ |
| તુવેર | ૫૩૦ | ૬૫૦ |
| જુવાર | ૩૨૫ | ૩૮૦ |
| રાયડો | ૫૩૦ | ૫૮૫ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૫૦૦ | ૮૪૫ |
| એરંડા | ૬૭૦ | ૬૮૮ |
| મગ | ૫૮૦ | ૯૬૨ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૨ |
| બાજરી | ૨૨૫ | ૨૬૮ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૪૦૧ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૪૫ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| એરંડા | ૬૭૦ | ૬૯૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૦ |
| મગફળી | ૬૨૫ | ૮૬૫ |
| ગવાર | ૯૦૦ | ૧૩૭૦ |
| જુવાર | ૩૪૦ | ૩૮૦ |
| મગ | ૬૫૦ | ૧૦૦૦ |

### કડી

| | | |
|---|---|---|
| સવા | ૬૧૯ | ૬૩૬ |
| ઘઉં | ૨૯૦ | ૩૭૬ |
| ડાંગર | ૨૭૦ | ૩૮૦ |
| બાજરી | ૨૫૦ | ૨૯૬ |
| બંટી | ૩૯૩ | ૩૯૯ |
| જવ | ૨૫૮ | - |
| ગવાર | ૧૧૫૦ | ૧૪૫૧ |
| એરંડા | ૬૭૫ | ૬૮૦ |
| રાયડો | ૫૯૨ | ૬૦૦ |
| જીરૂ | ૧૭૪૦ | ૨૫૧૪ |
| અસાળીયો | ૫૪૧ | ૬૫૦ |
| તલ | ૨૦૨૫ | ૨૧૨૫ |

### પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૮૦ | ૩૮૦ |
| બાજરી | ૨૨૫ | ૨૮૦ |
| એરંડા | ૬૬૮ | ૬૮૯ |
| રાયડો | ૬૦૧ | ૬૧૦ |
| રાજગરો | ૯૧૫ | ૧૧૮૫ |
| મગફળી | ૬૭૦ | ૮૬૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૭૦ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| રાજગરો | ૧૧૪૧ | ૧૧૮૦ |
| જવ | ૨૭૨ | ૨૮૯ |
| રાયડો | ૫૮૯ | ૬૦૮ |
| એરંડા | ૬૬૦ | ૬૯૮ |
| ગવાર | ૧૦૯૩ | ૧૪૩૩ |
| ઘઉં | ૨૮૪ | ૪૦૦ |
| બાજરી | ૧૮૦ | ૨૯૦ |
| જુવાર | ૨૦૦ | ૫૭૮ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૪૦૦ |
| બાજરી | ૨૦૦ | ૩૧૧ |
| રાયડો | ૫૫૦ | ૬૨૪ |
| એરંડા | ૬૬૫ | ૭૦૬.૫૦ |
| જુવાર | ૨૦૦ | ૫૨૦ |
| જવ | ૨૬૦ | - |
| મેથી | ૫૩૦ | ૫૫૦ |
| ગવાર | ૯૬૫ | ૧૪૪૪ |
| રજકાના બી | ૧૩૦૦ | ૨૫૦૦ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| જુવાર | ૩૨૦ | ૩૭૭ |
| ઘઉં | ૨૯૦ | ૩૮૦ |
| જીરૂ | ૧૫૦૦ | ૨૩૪૧ |
| રાયડો | ૫૪૬ | ૬૦૧ |
| રજકાળી | ૧૩૬૫ | ૨૪૪૫ |
| મેથી | ૫૨૩ | ૫૨૭ |
| બાજરી | ૨૦૮ | ૨૯૦ |
| એરંડા | ૬૬૪ | ૬૯૫ |
| અજમો | ૫૦૦ | ૧૨૩૧ |
| જવ | ૨૬૦ | - |
| ગવાર | ૧૦૦૦ | ૧૩૯૬ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૮૦ | ૩૩૫ |
| બાજરી | ૧૮૦ | ૨૭૨ |
| રાયડો | ૫૯૫ | ૬૧૦ |
| એરંડા | ૬૭૯ | ૬૮૩ |
| ગવાર | ૧૩૨૨ | ૧૩૪૩ |
| જુવાર | ૨૯૩ | ૩૩૦ |

### જોટાણ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૭૯ |
| રાયડો | ૫૯૨ | - |
| બાજરી | ૧૭૩ | ૨૬૨ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૮૬ |

### હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૫૮૦ | ૬૨૦ |
| એરંડા | ૬૫૫ | ૬૮૫ |
| સાસટો | ૨૮૦ | ૩૩૦ |
| બાજરી | ૨૦૦ | ૨૭૮ |
| ઘઉં | ૨૯૦ | ૩૮૫ |
| ગવાર | ૧૦૫૦ | ૧૪૧૩ |
| ચણા | ૫૪૬ | ૬૧૦ |
| જીરૂ | ૨૨૮૦ | ૨૬૧૧ |
| સવા | ૬૦૦ | ૬૮૭ |
| બંટી | ૩૫૦ | ૩૮૦ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૮ | ૩૪૫ |
| એરંડા | ૬૭૫ | ૬૮૬ |
| બાજરી | ૨૩૫ | ૨૯૮ |
| રાયડો | ૫૮૬ | ૫૯૪ |
| ડાંગર | ૨૬૫ | ૩૭૦ |
| ગવાર | ૧૨૨૧ | ૧૪૫૧ |
| જુવાર | ૩૨૫ | ૪૭૧ |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૪૦ | ૬૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૮૦ |
| બાજરી | ૨૨૦ | ૨૬૫ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૫૦ |

### પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૦૦ | ૨૪૩૯ |
| વરીયાળી | ૮૦૦ | ૧૨૩૦ |
| બંટી | ૩૬૦ | ૪૦૪ |
| રાયડો | ૫૫૦ | ૬૦૫ |
| એરંડા | ૬૬૦ | ૭૦૦ |
| ઘઉં | ૨૯૨ | ૩૯૩ |
| જુવાર | ૩૦૦ | ૫૬૧ |
| બાજરી | ૨૧૫ | ૩૦૨ |
| જવ | ૨૬૦ | - |
| ગવાર | ૧૦૭૦ | ૧૩૭૮ |
| મેથી | ૪૭૫ | ૫૫૭ |
| સવા | ૬૦૦ | ૭૯૯ |

### ઉંઝા

| | | |
|---|---|---|
| અસાળીયો | ૬૯૦ | - |
| જીરૂ | ૨૦૨૧ | ૨૮૬૦ |
| વરીયાળી | ૯૧૧ | ૨૨૦૦ |
| ઈસબગુલ | ૧૨૪૩ | ૧૪૮૫ |
| રાયડો | ૫૪૫ | ૬૬૯ |
| તલ | ૧૯૨૫ | ૨૨૩૧ |
| સવા | ૬૭૧ | - |
| અજમો | ૯૫૫ | - |